### ગોધરા તાલુકામાં ચાંદીપુરમ વાયરસનો આતંક

## વીંઝોલ-જીતપુર ગામે બે બાળકોના મોતથી આરોગ્ય વિભાગ દોડતું થયું

**તંત્ર** દ્વારા હાલ ગ્રામજનોને બાળકોની તબિયત બાબતે ખાસ સાવધ રહેવા અપીલ કરવામાં આવી છે



(પ્રતિનિધિ) ગોધરા, તા.7
ગોધરા તાલુકામાં ચોમાસાની સીઝન શરૂ થતાં જ ઘાતક ચાંદીપુરમ વાયરસે માથું ઊંચક્યું છે, જેના કારણે બે માસૂમ બાળકોના મોત નિપજતા સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે. ગોધરા તાલુકાના વીંઝોલ અને જીતપુરા ગામના બાળકોને અચાનક તીવ્ર તાવ આવ્યા બાદ ખેંચ આવતા તેમને પ્રથમ ગોધરા સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન બંને બાળકોના મોત થયા હતા. આ ઘટનાને પગલે હરકતમાં આવેલા આરોગ્ય વિભાગ દ્વારા બંને ગામોમાં સઘન સર્વેલન્સ, જંતુનાશક દવાનો છંટકાવ તેમજ સેન્ડફ્લાય માખીઓના આશ્રયસ્થાન એવા કાચા મકાનોની દીવાલોની તિરાડો પૂરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. સર્વેલન્સ દરમિયાન તંત્રને આ વિસ્તારોમાંથી ૨૯૦ જેટલી સેન્ડફ્લાય માખીઓ પણ મળી આવી છે. ઉલ્લેખનીય છે કે, પંચમહાલના ગ્રામ્ય વિસ્તારોમાં દર ચોમાસે આ માખી કરડવાથી વાયરસ વકરે છે અને આ અંગે છેલ્લા ૨ વર્ષથી આઈ.સી.એમ.આર. (ICMR) દ્વારા સંશોધન કરવામાં આવી રહ્યું હોવા છતાં હજી સુધી કોઈ નક્કર પરિણામ મળ્યું નથી.
આ મામલે આરોગ્ય વિભાગે ગંભીર નોંધ લીધી છે જ્યારે સમગ્ર મામલે મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ સમીક્ષા બેઠક પણ યોજી હતી.

## સંજેલીના બામણ ગામે ટાટા સુમો પલટી જતા ચાલકનુ મોત

(પ્રતિનિધિ) દાહોદ,તા, 7
મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના નાનીભુગેડી ગામે પીપળી ફળિયામાં રહેતા ૪૫ વર્ષીય અરવિંદભાઈ ભૂંડાભાઈ ગણાસ્વા ગઈકાલે બપોરના બાર વાગ્યાના સુમારે પોતાના કબજાની જીજે૧૭સી-૯૨૧૩ નંબરની ટાટા સુમો ગોલ્ડ ફોરવીલ ગાડી પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવતા તેને સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ટાટા સુમો ફોરવીલ ગાડી સંજેલીના બામણ ગામે જાહેર રોડ પર પલ્ટી ખાઈ ગઈ હતી. જેને કારણે સુમો ફોરવીલ ગાડીનો ચાલક અરવિંદભાઈ ભૂંડાભાઈ ગણાસ્વા ગાડીની નીચે દબાઈ જતા તેને શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજ્યું હતું.

### સુખસર પોલીસે રૂપિયા 9,600નો મુદ્દામાલ કબજે લઈ વેપારી સામે પગલા લીધા

## સુખસરમાં કરિયાણાની દુકાનમાંથી ટનાટન માવાની સોપારીના ડુપ્લીકેટ પેકેટ ઝડપાયા



( પ્રતિનિધિ ) સુખસર,તા, 7
સુખસર ખાતે સંતરામપુર રોડ ઉપર આવેલ દિયા કિરણા સ્ટોરમાં ટનાટન ડુપ્લીકેટ માવાની સોપારીના ડુપ્લીકેટ પેકેટ વેચાણ થતા હોવા બાબતે મૂળ ટનાટન કંપની ધરાવતા માલિકને જાણ થતા તેની છેલ્લા ત્રણ થી ચાર માસથી આ વેપારી દ્વારા સુખસરમાં અલગ-અલગ વેપારીઓને ત્યાં જઈ ટનાટન સોપારીના પાઉચોની તપાસ કરવામાં આવી રહી હતી.જ્યારે સુખસરમાં આ સોપારીના ડુપ્લીકેટ પાઉચો વેચાણ કરવામાં આવતી હોવાની પૂરેપૂરી ખાતરી થતાં ટનાટન કંપનીના મૂળ માલિક સંદીપભાઈ ભુપેન્દ્રભાઈ પંજાબી રહે.સિંધી સોસાયટી,કઠલાલ,જીલ્લો.ખેડા ના ઓએ સોમવારના રોજ સુખસર પોલીસ સ્ટેશનમાં આવી સુખસરના દિયા કિરાણાના માલિક સામે ફરિયાદ આપતા પોલીસે દુકાનમાં જઈ તપાસ હાથ ધરી હતી.જેમા પોલીસને ટનાટન સોપારીના ડુપ્લીકેટ ચાર કટ્ટા મળી આવ્યા હતા. જેમાં કુલ 120 પેકેટ જેની કિંમત રૂપિયા 9600 નો મુદ્દા માલ મળી આવ્યો હતો. આ મુદ્દામાલ સુખસર પોલીસે કબજે લઈ સુખસરના અશોકભાઈ પુરણમલ અગ્રવાલના ઓની વિરુદ્ધમાં કોપીરાઈટ એક અધિનિયમ 1957 ની કલમ-63,64 મુજબ કાયદેસર ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

### કાલોલ નગરપાલિકાની નબળી કામગીરીનો ઉત્તમ નમુનો

## અર્બન હેલ્થ સેન્ટર પાસે વધુ એક ટ્રક રોડમાં ખૂપી ગઈ, લોકોમાં ભારે રોષ



(પ્રતિનિધિ) કાલોલ, તા.7
કાલોલ નગરપાલિકા વિસ્તારમાં ભ્રષ્ટાચાર અને લોલમલોલ કામગીરીના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. નગરમાં બિસ્માર રસ્તાઓ અને તકલાદી કામોને કારણે અવારનવાર નાના-મોટા વાહનો રોડમાં ખૂપી જવાના બનાવો બની રહ્યા છે, જેમાં આજે વધુ એક ઘટનાનો ઉમેરો થયો છે.આજે વહેલી સવારે મધ્યપ્રદેશ (MP) પાસિંગની એક ટ્રક કાલોલ નગરમાં પ્રવેશ કરી રહી હતી, તે દરમિયાન અર્બન હેલ્થ સેન્ટર નજીક અચાનક રોડ બેસી જતાં ટ્રકનું પાછળનું વ્હીલ બોડી સહિત રોડની અંદર ખૂપી ગયું હતું. આ ઘટનાને પગલે આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને પાલિકા તંત્રની નબળી કામગીરી સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો કાલોલમાં તકલાદી કામોને કારણે વાહનો ફસાવાનો આ કોઈ પહેલો બનાવ નથી. તાજેતરમાં જ પટેલ ફળિયા પાસેઃ એક ટ્રક ગટરના તકલાદી નાળામાં ઉતરી ગઈ હતી. શેઠ ફળિયા પાસેઃ ઈંટો ભરેલા ટ્રેક્ટરનું વ્હીલ પણ રોડમાં ધસી ગયું હતું.સ્થાનિકોમાં ચાલતી ચર્ચાઓ મુજબ, પાલિકા તંત્રમાં ચાલતી મિલીભગત, ભાગબટાઈની નીતિ અને આંતરિક જૂથવાદના કારણે વિકાસ કામોની ગુણવત્તા સાવ કથળી ગઈ છે, જેનું નુકસાન નિર્દોષ નગરજનો ભોગવી રહ્યા છે. લોકમુખે ચર્ચાતી વિગત મુજબ, ચૂંટણી સમયે ધર્મ, જ્ઞાતિ અને સમાજના નામે રાજનીતિ રમાય છે, જેના વશ થઈને પ્રજા આંખો મીંચીને સત્તાધારી પક્ષને મત આપી દે છે. પરંતુ જીત્યા પછીના ૫ વર્ષ સુધી સત્તાધીશો પ્રજાની અપેક્ષાઓ પર ખરા ઉતરતા નથી.

## કાલોલના અનેક ગામોમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાતા લોકો ત્રાહીમામ

વેજલપુર ભાદરોલી સબ સ્ટેશન ખાતે આવી રોષ વ્યક્ત કર્યો



(પ્રતિનિધિ) કાલોલ, તા.7
કાલોલ તાલુકાના મોકળ ગામના જાગૃત નાગરિકોએ વેજલપુર-ભાદરોલી GEB સબ સ્ટેશનની કામગીરી સામે ભારે અસંતોષ વ્યક્ત કર્યો છે. છેલ્લા એક મહિનાથી વારંવાર વીજ પુરવઠો ખોરવાતો હોવાના કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ વરસાદ, પવન કે વાવાઝોડા જેવી કોઈ અસામાન્ય પરિસ્થિતિ ન હોવા છતાં પણ અચાનક વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવે છે. જેના કારણે રોજિંદા જીવન, ખેતી, વેપાર-ધંધા તેમજ અન્ય જરૂરી કામકાજ પર ગંભીર અસર પડી રહી છે.આ સમસ્યાની અસર માત્ર મોકળ ગામ પૂરતી મર્યાદિત નથી. કાનોડ, નાની કાનોડ, બપોરની મુવાડી, ભીલીદ્રા, અંબાલા, ઝેરના મુવાડા, સણસોલી, હરખાપુરા અને પાની મુવાડી સહિતના ગામોના રહેવાસીઓએ પણ વારંવાર વીજ પુરવઠો ખોરવાતો હોવાની ફરિયાદ કરી છે. ગ્રામજનોનું કહેવું છે કે વીજ બિલ સમયસર ન ભરવામાં આવે તો GEB દ્વારા તાત્કાલિક વીજ કનેક્શન કાપી નાખવામાં આવે છે. ત્યારે ગ્રાહકોને પણ ગુણવત્તાસભર અને નિયમિત વીજ સેવા મળવી જોઈએ. જો સમસ્યાનું વહેલી તકે નિરાકરણ નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવાની ચેતવણી ગ્રામજનોએ ઉચ્ચારી છે.

### મૃત જાનવરોના અંગો અને મરઘીના પીંછાના ઢગલાથી નર્કાગાર જેવી સ્થિતી

## કાલોલ પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરી સામે જ ગંદકીનું સામ્રાજ્ય



(પ્રતિનિધિ) કાલોલ, તા.7
કાયદો-વ્યવસ્થા અને વહીવટી તંત્રના પ્રતીક સમાન ગણાતી સરકારી કચેરીઓની સામે જ જો ગંદકીના ગંજ ખડકાયેલા હોય, તો સમગ્ર શહેરની સ્વચ્છતાની સ્થિતિ કેવી હશે? કાલોલ નગરમાં અત્યારે બિલકુલ આવું જ આઘાતજનક અને શરમજનક દ્રશ્ય જોવા મળી રહ્યું છે, જેના કારણે સ્થાનિક રહીશો અને રાહદારીઓમાં તંત્ર સામે પ્રચંડ આક્રોશ ફાટી નીકળ્યો છે. મળતી માહિતી મુજબ, કાલોલ પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરીની બિલકુલ સામેના ભાગમાં છેલ્લા ઘણા સમયથી ગંદકીના મોટા ઢગલા જામ્યા છે. મટન અને ચિકનની દુકાન ધરાવતા કેટલાક બેજવાબદાર તત્વો દ્વારા અહીં કતલ કરેલા જાનવરોના અંગો, હાડકા, મરઘીના પીંછા તેમજ માછલીના અવશેષો અને ગંધ મારતો કચરો પ્લાસ્ટિકની થેલીઓમાં ભરીને જાહેરમાં ફેંકી દેવામાં આવે છે.સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ જગ્યાથી માત્ર થોડા જ ડગલાં દૂર પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરી આવેલી હોવા છતાં જવાબદારો સામે કોઈ જ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવતી નથી. પરિણામે, રખડતા કૂતરા અને અન્ય જાનવરો આ કચરાને ઢસડીને મુખ્ય માર્ગ પર ફેલાવી દે છે. આના કારણે સમગ્ર વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ પ્રસરી ગઈ છે અને સ્થાનિક સ્તરે રોગચાળો ફેલાવવાનું જોખમ ચરમસીમાએ પહોંચ્યું છે. બેઠકમાં હાજર શહેરના બુદ્ધિજીવી નાગરિકો દ્વારા કાલોલના પીઆઈ આર.ડી. ભરવાડ અને કાલોલ નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ મકવાણા સમક્ષ રૂબરૂમાં ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

### અનાજનો જથ્થો વધારવા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

## દે.બારીયાની મહિલાઓએ રેશનકાર્ડના સરકારી નિયમો સામે મોરચો માંડયો



(પ્રતિનિધિ) દાહોદ, તા.7
દાહોદના દેવગઢ બારીયા ની મહિલાઓએ રેશનકાર્ડના નવા સરકારી નિયમો સામે મોરચો માંડયો છે. અંત્યોદય રેશનકાર્ડ ધારકોને મળતા અનાજમાં ઘટાડો કરવામાં આવતા ગરીબ પરિવારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરકારે વ્યક્તિ દીઠ ૭ કિલો અનાજનો જે નિર્ણય લીધો છે. તેનાથી ૩૫ કિલોનું મર્યાદિત અનાજ મોટા પરિવાર માટે અપૂરતું સાબિત થઈ રહ્યું છે. આ સમસ્યાના ઉકેલ માટે મહિલા સંગઠન દ્વારા દાહોદ કલેકટર કચેરીએ પહોંચીને ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે અને પરિવારના અનાજનો જથ્થો વધારવાની મુખ્ય માગણી કરવામાં આવી છે.
અનાજમાં ઘટાડો જ નહીં, પરંતુ રેશનકાર્ડની સાથે આધાર કાર્ડ અને ઈ-ન્દ્રરૂઝ જેવી ઓનલાઈન પ્રક્રિયાઓમાં મહિલાઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

## ૨૫ વર્ષથી બંધ પીપલોદ-દેવગઢબારિયા મીની બસ સેવા ચાલુ કરવા માંગ

દેવગઢબારિયા : તાલુકાનું પીપલોદ ગામ વેપાર, શિક્ષણ અને સરકારી સેવાઓનું મહત્વનું કેન્દ્ર ગણાય છે. પીપલોદ તેમજ રણધીકપુર રોડ વિસ્તારના અનેક ગામોના લોકો વર્ષોથી ખરીદી, સરકારી કામકાજ, આરોગ્ય સેવાઓ અને શિક્ષણ માટે દેવગઢબારિયા અવરજવર કરે છે. છતાં વર્ષો સુધી ચાલતી પીપલોદ-દેવગઢબારિયા મીની બસ સેવા છેલ્લા અંદાજે 25 વર્ષથી બંધ હોવાથી હજારો ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. રણધીકપુર વિસ્તાર માટે દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરના પ્રયાસોથી નવી બે મીની બસોની સેવા શરૂ થતાં સ્થાનિક લોકોએ તેને લોકહિતનું કાર્ય ગણાવ્યું છે. પરંતુ બીજી તરફ પીપલોદ-દેવગઢબારિયા વચ્ચે વર્ષોથી ચાલતી મીની બસ સેવા પુનઃ શરૂ કરવાની માંગ અનેક વખત લેખિત રજૂઆતો કરાઈ છે.

## મહિલા મહાવિદ્યાલય, વડોદરા ખાતે સાયબર કલબનો ઓરિયન્ટેશન કાર્યક્રમ



(પ્રતિનિધિ) કાલોલ, તા.7
ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અંતર્ગત Knowledge Consortium of Gujarat (KCG), અમદાવાદ દ્વારા સ્થાપિત કેન્દ્રની પહેલ હેઠળ કાર્યરત મહિલા મહાવિદ્યાલય, વડોદરાના સાયબર ક્લબ દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27ના નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીનીઓને મહાવિદ્યાલયમાં કાર્યરત સાયબર ક્લબના ઉદ્દેશો, પ્રવૃત્તિઓ, સભ્યપદ અને તેની ઉપયોગિતા અંગે માહિતગાર કરવા તેમજ વિદ્યાર્થીઓમાં સાયબર સુરક્ષા, સાયબર હાઈજીન અને જવાબદાર ડિજિટલ નાગરિકત્વ અંગે જાગૃતિ લાવવાના હેતુથી સાયબર ક્લબ ઓરિયન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મહેમાનોના પુષ્પગુચ્છ અર્પણ, સ્વાગતવિધિ તથા દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. વિશેષ અતિથિ તરીકે ડૉ. ચાર્મી ગાંધી, ઠાકોરભાઈ ગર્લ્સ કોલેજ, અકોટાએ સાયબર એથિક્સ, ડિજિટલ ફૂટપ્રિન્ટ અને જવાબદાર ડિજિટલ નાગરિક તરીકે ટેક્નોલોજીના સુરક્ષિત અને હકારાત્મક ઉપયોગ અંગે પ્રેરણાદાયી વિચારો રજૂ કર્યા.

### ઝાલોદના અર્બન હેલ્થ સેન્ટરના સ્થળાંતરથી લોકોને હાલાકી

## તબીબી સારવાર અર્થે ૨ કિમીનો ધક્કો, લાભાર્થીઓમાં ભારે રોષ

(પ્રતિનિધિ) દાહોદ, તા.7
ઝાલોદ શહેરના રામસાગર વિસ્તારમાં વર્ષોથી કાર્યરત અર્બન હેલ્થ સેન્ટરને હાલમાં જ બિયામાળી કોલેજ ખાતે ખસેડવામાં આવતા નગરના રહીશો અને ગરીબ દર્દીઓ માટે મુશ્કેલી ઉભી થઈ છે. સેન્ટરનું જૂનું બિલ્ડિંગ જર્જરિત થઈ જતા વહીવટીતંત્ર દ્વારા તેને ખાલી નગરમાં વૈકલ્પિક જગ્યા શોધવામાં કરવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ નિષ્ફળ રહેતા આ મહત્વનું સેન્ટર શહેરથી દૂર લઈ જવામાં આવ્યું છે.જેનો સ્થાનિકો દ્વારા તીવ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે.ઘણા સમયથી રામસાગર વિસ્તારમાં સેવા આપી રહેલું આસેન્ટ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે આરોગ્યનો મુખ્ય આધાર સ્તંભ હતું. હવે તેને ૨ કિલોમીટર દૂર બિયામાળી ખાતે ખસેડવાથી દર્દીઓએ સારવાર મેળવવા માટે વધારાનું ભાડું ખર્ચવું પડી રહ્યું છે. ખાસ કરીને ટીબી (4) જેવા ગંભીર રોગના દર્દીઓ, જેમને નિયમિત અને લાંબા સમય સુધી સારવારની જરૂર હોય છે. તેમની હાલત અત્યંત કફોડી બની છે. આ ઉપરાંત, આયુષ્યમાન કાર્ડ ધરાવતા લાભાર્થીઓ અને સગર્ભા મહિલાઓને પણ નાની-નાની તપાસ ની કામગીરી માટે દૂર સુધી ધક્કા ખાવા પડી રહ્યા છે. સ્થાનિકોનો આરોપ છે કે વહીવટીતંત્ર દ્વારા સેન્ટર ખસેડતા પહેલા દર્દીઓને પડનારી હાલાકીનો કોઈ જ વિચાર કરવામાં આવ્યો નથી. નગરમાં અનેક સરકારી કે ભાડાની જગ્યાઓ હોવા છતાં, કોઈ સુદ્રઢ આયોજન કર્યા વિના સીધું જ દૂરના સ્થળે સેન્ટર ખસેડી દેવાથી દર્દીઓ ભગવાન ભરોસે મુકાઈ ગયા છે. આ નિર્ણયને કારણે ગરીબ વર્ગના લોકો આર્થિક અને શારીરિક એમ બંને રીતે પીસાઈ રહ્યા છે.હવે સવાલ એ ઉઠી રહ્યો છે કે, શું આરોગ્યવિભાગ દ્વારા નગરમાં જ કોઈ નજીકના વિસ્તારમાં આ સેન્ટર માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવશે? કે પછી ગરીબ દર્દીઓને તેમની મજબૂરી નો લાભ લેવા માટે આવી રીતે દૂર સુધી ધક્કા ખાવા મજબૂર કરવામાં આવશે?

### દે.બારીયા મામલતદાર ઓફિસ ખાલીખમ

## તલાટી કમ મંત્રીઓ કેબીનમાં હાજર ન રહેતા અરજદારો અટવાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.7
દે.બારીયા મામલતદાર ઓફિસમાં શહેર અને તાલુકાની જાહેર જનતા અરજદાર માટે ની કામગીરી જેવીકે, આવક દાખલા તથા ઓ.બી.સી. પ્રમાણપત્ર, રેશનકાર્ડ માટે તલાટી કમ મંત્રીઓની સહી-સિકકા અને સહમતી માટે અરજદારો ખુબ મોટી સંખ્યામાં ધસારો જોવા મળે છે. તેમની કામગીરી માટે તલાટીઓની ફાળવણી કરેલા તલાટી કમ મંત્રીઓના કેબીનના ત્રણે ત્રણ ટેબલો તા.૦૭/૦૭/૨૦૨૬ના સોમવારના રોજ ૧૨.૦૦ કલાકના સમય સુધી તલાટી કમ મંત્રી હાજર ન હતા. અરજદારો આમ તેમ ફાંફા મારીને પુછતાછ કરતા નજરે ચડયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર મામલતદાર ઓફિસમાં પ્રથમ માળે તલાટી કમ મંત્રીની કેબીન અલાયદા બનાવેલ છે. જેમાં કસ્બા તલાટી તેમજ ગ્રામ્યના અરજદારો માટે તલાટી ફાળવેલા છે. તેમ છતાં સોમવારના ખુલતી કચેરીએ અરજદારોનો ખુબ મોટો ધસારો હોય છે. તેવા સમયે ઓફિસના સમયના દોઢ કલાક બાદ પણ તલાટીઓ પોતાના કેબીનમાં હાજર જણાયા ન હતા. જેથી અરજદારો એક બીજાને પુછતાછ કરતા હતા. પોતાની ફરજ પ્રત્યે બેદરકાર તલાટી કમ મંત્રીને કેમ કારણદર્શક નોટીસ ના આપવી જોઈએ તે પદના જવાબદાર અધિકારીઓ જણાવશે ખરાં ? વિકાસના કાર્યોમાં વિક્ષેપ સાનો તેના માટે કોણ જવાબદાર ગણાશે તે યક્ષ પ્રશ્ન છે.

### વાહન ચાલકોની ગફલત અને બેદરકારીને કારણે દાહોદ જિલ્લામાં અકસ્માતોની વણથંભી વણઝાર

## પાછલા ૨૪ કલાકમાં માર્ગ અકસ્માતના ત્રણ બનાવો, ૫ વર્ષના બાળક સહિત ત્રણના મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.7
દાહોદ જિલ્લામાં વિતેલા ૨૪ કલાક દરમિયાન ત્રણ જુદી જુદી જગ્યાએ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતના ત્રણ બનાવોમાં પાંચ વર્ષના બાળક સહિત ત્રણ જણા સ્થળ પર જ કાળનો કોળિયો બન્યાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. વાહન ચાલકોની બેદરકારીને કારણે દાહોદ જિલ્લામાં અકસ્માતોની વર્ણથંભી વણઝાર સર્જાતા દાહોદ જિલ્લો અકસ્માત ઝોન બન્યો હોય તેમ લાગી રહ્યું છે. એક પણ દિવસ એવો નથી જોવાતો કે અકસ્માત સર્જાયો ના હોય. તેવા સમયે દાહોદ જિલ્લામાં જુદી જુદી જગ્યાએ બનેલા અકસ્માતના ત્રણ બનાવો બનતા પંથકમાં ભયની લાગણી વ્યાપી છે.

**પ્રથમ બનાવ**

ગઈકાલે સવારે નવેક વાગ્યાના સુમારે એક ટ્રક ચાલક તેના કબજાની ટાટા કંપનીની જીજે ૧૬ એ.વાય.-૬૧૬૯ નંબરની ટ્રક પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી બેદરકારીથી હાઈવે રોડ પર નસીરપુર ગામની સીમમાં ઈન્દોર અમદાવાદ હાઈવે પરથી કસ્બા તરફ જવાના રોડના નાકા પર ગાડીને ટન મારતા પાંદડી ગામના માળ ફળિયામાં રહેતા ૨૫ વર્ષીય રાહુલભાઈ કાળુભાઈ પલાસની જીજે ૨૦એક્સ - ૩૦૮૦ નંબરની મહિન્દ્રા કંપનીની બોલેરો પીકપ ગાડી સાથે અકસ્માતમાં ગાડીની જમણી બાજુમાં પાછળના -માં ટાયરના ભાગે ધડાકા ભેર અથડાતાં રાહુલભાઈ કાળુભાઈ પલાસને ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજ્યુંહતું.

**બીજો બનાવ**

લીમડીથી લીમખેડા તરફ જતા સિંગવડ તાલુકાના સિંગાપુર ગામે નિશાળ ફળિયામાં ગઈકાલે સવારે નવેક વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં દાહોદ જિલ્લાના સુખસર તાલુકાના કુંડલા ગામે રહેતા અને ડ્રાઈવિંગનું કામ કરતા માલાભાઈ ચેતનભાઈ ડામોર તેના કબજાની જીજે૩૪ટી-૦૭૧૧ નંબરની ટાટા કંપનીની ટ્રક પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી રોડ પર ચાલતા જતા સિંગાપુર ગામના નિશાળ ફળિયામાં રહેતા ૦૫ વર્ષીય બાળક નેહલકુમાર વિક્રમભાઈ નીનામાને અડફેટમાં લેતા નેહલકુમારને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજ્યું હતું. હતો.

**ત્રીજો બનાવ**

સંજેલી તાલુકાના ઇટાડી ગામે જાહેર રોડ પર ગઈકાલે બપોરના સવા બે વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં એક ટ્રક ચાલક તેના કબજાની જીજે ૨૦ટી-૬૫૭૩ નંબરની ટ્રક પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવતા ટ્રકની વધુ પડતી ઝડપને કારણે ચાલકે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવી દેતા આગળ જઈ રહેલી ઝાલોદ ટીંબા ફળિયામાં રહેતા ૨૧ વર્ષીય વિક્રમભાઈ મુકેશભાઈ ડીંડોરની જીજે ૨૦ બીપી-૦૭૩૫ નંબરની મોટર સાયકલને પાછળથી જોશભેર ટક્કર મારી નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં વિક્રમભાઈ મુકેશભાઈ ડીંડોરને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા તેનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજયું હતું.

### બે મોટરસાયકલ પર દારૂની હેરાફેરીનો પર્દાફાશ

## દાહોદ એલસીબીએ દારૂના જથ્થા સાથે બે આરોપીઓ ઝડપ્યા

(પ્રતિનિધિ) દે.બારીયા, તા.7
દાહોદ જિલ્લા પોલીસના માર્ગદર્શન હેઠળ દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ને પ્રોહિબિશન અંગેની કાર્યવાહી દરમિયાન મહત્વની સફળતા મળી છે.
સાગટાળા પોલીસ સ્ટેશન વિસ્તારના ઝાબ ગામેથી બે મોટરસાયકલ મારફતે ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરવામાં આવી રહી હોવાની બાતમીના આધારે એલસીબીએ દરોડો પાડી બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે કાર્યવાહી દરમિયાન ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની કુલ 2,184 બોટલો, જેની અંદાજિત કિંમત 2,97,096, કબજે કરી હતી. ઉપરાંત હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ બે મોટરસાયકલ તેમજ બે મોબાઈલ ફોન સહિત કુલ 8,22,096નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે સાગટાળા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગણનાપાત્ર કામગીરી કરીને રાજ્યમાં દારૂની હેરાફેરી સામે કડક કાર્યવાહીનો વધુ એક દાખલો પૂરું પાડ્યો છે. દાહોદ જિલ્લા પોલીસ દ્વારા ગેરકાયદે દારૂના વેપાર અને હેરાફેરી સામે સતત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે,